# મોટાકરણપુરા પ્રાથમિક શાળા

**મુ:-મોટાકરણપુરા , તાલુકો:-દેત્રોજ-રામપુરા , જિલ્લો:-અમદાવાદ , પીન:-૩૮૨૧૨૦**

**તારીખ:-____/___/2023**

## વૃક્ષારોપણ અહેવાલ-પર્યાવરણ દિવસ અહેવાલ

આજ રોજ અત્રેની મોટાકરણપુરા પ્રાથમિક શાળામાં પર્યાવરણ દિવસ નિમિત્તે અમારી શાળા માં પર્યાવરણ દિવસની ઉજવણી કરવમાં આવી હતી. શાળા આચાર્ય તેમજ શાળા ના શિક્ષક ગણ તેમજ તમામ વિધાર્થીઓ એમાં જોડાયા હતા.

સૌપ્રથમ પ્રાર્થના થી શરૂઆત કરવામાં આવી હતી . પ્રાર્થના પુરી થયા બાદ અમારી શાળાના આચાર્યશ્રી સુરેશકુમાર પટેલે  તેમના સંબોધનમાં પર્યાવરણ દિવસ વિશે ઘણી બધી માહિતી આપી હતી. અને વૃક્ષારોપણ ના મહત્વ વિશે એક અનોખી નવીન જાણકારી પણ આપી હતી . તેમના સંબોધન બાદ શાળાના શિક્ષિકા ગાયત્રીબહેનશ્રી  તરફ થી પણ પર્યાવરણ ના મહ્ત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી અને ત્યાર બાદ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ નુ આયોજન કરવામાં આવ્યુ છે એના વિશે જાણકારી આપી . પ્રાર્થના સંબોધન પૂર્ણ થયા પછી. વૃક્ષારોપણ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ . જેમાં અગાઉના દિવસે નજીક ની નર્સરી માંથી ઘણા બધા વૃક્ષો લઈ આવવામાં આવ્યા હતા. તેમાંથી સૌપ્રથમ શાળા ના મેદાનમાં એસ.એમ.સીના અધ્યક્ષ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ આચાર્યશ્રી દ્વારા ત્યાર બાદ શિક્ષકો દ્વારા અને વિધાર્થી ઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ.તેમજ ગામની અન્ય જાહેર જગ્યા પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને વૃક્ષોની જાળવણી અંગે વિધાર્થીઓને તેમજ શિક્ષક ગણને તેમજ ગામના જાગૃત નાગરિકો ને યોગદાન આપવા જણાવવામાં આવ્યુ હતું.આ રીતે પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.